

# લક્ષ્મીને રોકો નહીં - નારાયણ પાસે જવા દો



ओम् वन्दे भगवतीं देवीं श्रीरामश्च जगद्गुरूम्।
पाद पद्मे तयो श्रृत्वा प्रणमामि मुहुर्मुहुः।।

श्री चरणों में शत्-शत् नमन्

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- | દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર http://awgp.org

http://rushichintan.com

# લક્ષ્મીને રોકો નહીં - નારાયણ પાસે જવા દો

દેવીઓ અને ભાઈઓ,

આજે જીવનમાં સૌથી વધારે મહ્ત્વ ધનને આપવામાં આવ્યું છે. જો કે પ્રથમ સ્થાન ઉમદા ભાવના તથા લાગણીઓનું છે. જેમનું અંદર સંવેદનાથી સમૃદ્ધ છે તે દેવ છે. મહાપુરુષોને, તપસ્વીઓને, ત્યાગી અને બલિદાની, શૂરવીરોને દેવતાઓની શ્રેણીમાં ગણવામાં આવે છે. તેઓ દીપકની જેમ સળગીને ચોતરફ પ્રકાશ ફેલાવે છે.

આ સંસારમાં જેટલું ચેતાત્મક વર્ચસ્વ છે તેને શ્રેષ્ઠ ભાવનાઓનો વૈભવ જ ગણવો જોઈએ. બીજું સ્થાન વિદ્યાનું છે. એને બ્રાહ્મણત્વ કહી શકાય.  ત્રીજી વિભૂતિ છે - પ્રતિભા. એને ક્ષત્રિયત્વ કહી શકાય. ત્યાર બાદ ધનનો ચોથો નંબર આવે છે. એમાં ભાવના ઓછી અને પદાર્થનો ભાવ વધારે છે.

એને દુર્ભાગ્ય જ કહેવું જોઈએ કે આજે જીવનવ્યવહારમાં ધનને અગ્રિમ સ્થાન મળ્યું છે. એનું ખરાબ પરિણામ એ આવ્યું છે કે વ્યકિત વધારેમાં વધારે ધન ભેગું કરીને મોટો માણસ બનવા માગે છે, પરંતુ ખરેખર તો ધનનો સાચો ઉપયોગ એના સંગ્રહમાં નહીં, પણ સત્કાર્યોમાં વાપરવામાં છે. તિજોરીમાં કેદ થયેલો રૂપિયોની નોટો પોતાના માલિકને ઘમંડી બનાવે છે અને આખા સમાજમાં દુર્ગંધ ફેલાવે છે. એટલાં માટે પૈસા કમાવાની સાથે સાથે સમાજની મહ્ત્વપૂર્ણ જરૂરિયાતો પૂરી કરવામાં એનો ઉપયોગ પણ કરવો જોઈએ.

ભારતીય સંસ્કૃતિમાં પાંચ મહાપાપ બતાવવામાં આવ્યાં છે :

(1)  હિંસા (૨) અસત્ય (૩) ચોરી (૪) વ્યભિચાર અને (૫) પરિગ્રહ.

પરિગ્રહનો અર્થ છે- ભોગવિલાસ અને અહંકાર માટે ધનનો સંગ્રહ.

ધનના સંગ્રહને મહાપાપ કહેવામાં આવ્યું છે. એમ તો આજે જેની પાસે જેટલો વધારે પૈસો છે તેને એટલો જ મોટો-પ્રતિષ્ઠિત ગણવામાં આવે છે, પણ આધ્યાત્મિક વ્યાખ્યા એના કરતા જુદી છે. નીતિના રસ્તે કમાવા માટે કરવામાં આવેલા પુરુષાર્થને સન્માન મળવું જોઈએ અને એ ધનનો ઉપયોગ જનકલ્યાણનાં કામોમાં થાય તો એની પ્રશંસા પણ કરવી જોઈએ.

નવનિર્માણ માટે ધનનો સખત જરૂર છે. સમાજના ઉત્થાન માટે ચલાવતા પ્રચારાત્મક, રચનાત્મક અને સંઘર્ષાત્મક કાર્યક્રમો માટે ભાવના, સૂઝબુઝ અને પ્રતિભાની જેમ પૈસા પણ જોઈએ જ. એના માટે ધનને આમંત્રણ આપવું જોઈએ અને એણે દોડીને આવવું પણ જોઈએ. ઋષિ વિશ્વામિત્ર એકવાર નવી દુનિયા બનાવી રહ્યા હતા. એમને પૈસાની જરૂર પડી. એમના પરમ શિષ્ય હરિશ્ચંદ્રે રાજપાટ સોંપી દીધું. એટલું જ નહી, પોતાને, પત્નીને તથા રોહિતને વેચીને પણ પૈસાની માંગણી પૂરી કરી. સંત સુદામાને ગુરુકુળ ચલાવવામાં આર્થિક તંગી નડતી હતી. ભગવાન કૃષ્ણે એમની ધનની મુશ્કેલી દૂર કરી દીધી.

રાણા પ્રતાપને સ્વતંત્રતા સંગ્રામ લડવામાં ધનની ખેંચ પડી, તો ભામાશાહ દોડી આવ્યા અને એમણે ત્રીસ લાખ રૂપિયાનો ઢગલો કરી દીધો. બુદ્ધનું મિશન સમસ્ત દુનિયામાં પોતાનો પ્રકાશ ફેલાવવા માટે તૈયાર હતું, પણ પ્રચારકોને તૈયાર કરવા અને બહાર મોકલવા માટે ધનની મુશ્કેલીને કારણે ગાડી અટકી ગઈ.

સમ્રાટ અશોકે પોતાનું સમસ્ત સામ્રાજય એ મિશનને સોંપી દીધું. એને લીધે જ એક સમયે બૌદ્ધ ધર્મ આખા એશિયા ખંડનો સર્વમાન્ય ધર્મ બની ગયો હતો.

એ સમયે ધન કમાવામાં બહુ ઉત્સાહ હતો. લોકો ચોકસાઈ રાખીને બચત કરતા હતા અને એ ધન જનકલ્યાણનાં કાર્યો માટે પ્રામાણિક વ્યકિતઓને બ્રાહ્મણોને સોંપી દેતા હતા.

આજે દાનનો સર્વોત્તમ ઉપયોગ વિશ્વના ભાવનાત્મક નવનિર્માણ માટે કરી શકાય. બીજા લોકોની સરખામણીમાં અમુક વ્યકિતઓ પાસે વધારે દોલત ભેગી થશે તો પરસ્પર ઈર્ષ્યા, દ્વેષ વધશે અને ચોરી, લૂંટફાટ, ખૂન વગેરેના રૂપમાં વિદ્રોહ થશે. ધનનો વધારે પડતો સંગ્રહ વ્યકિતને વિલાસી બનો છે અને બીજાને ઈર્ષ્યાળુ તથા ગુનેગાર બનાવે છે. એટલાં માટે આપણા દેશમાં પરંપરા ચાલતી આવી છે કે દેશના સરેરાશ નાગરિક જેટલો ખર્ચ કરી બાકીનું ધન સમાજમાં સત્કાર્યો ચલાવવા માટે દાનના રૂપમાં પાછું આપી દેવું જોઈએ. આમાં મનુષ્યને પોતાના પુરુષાર્થ અને ઉદાર અંતઃકરણનો બમણો યશ મળે છે. સમાજહિત માટે કરવામાં આવેલો ધનનો સંગ્રહ ઉચિત છે એમ કહી શકાય.

ધનને ટ્રસ્ટીની જેમ સંભાળીને રાખવાની અને વધારાના ધનનો ધર્માદા કાર્યોમાં ઉપયોગ કરવાની પદ્ધતિ સર્વોત્તમ હતી, પણ આજના કુપાત્ર ધનવાનો પોતાના હાથે આ પરંપરા તોડી રહ્યા છે. જો ધનવાનોએ કંજૂસાઈ ન કરી હોત તો કદાચ પ્રાચીનકાલનો આધ્યાત્મિક સામ્યવાદ જ સંસારની સર્વોત્તમ અર્થવ્યવસ્થા તરીકે સ્થાપિત થયો હોત. ધનવાનને ઉદાર બનાવવામાં આવે તો એનો સ્વેચ્છા ત્યાગ એના પોતાના માટે અને સાજ માટે કેટલો બધો ઉપયોગી સાબિત થઈ શકે ! સામ્યવાદનો આ વિકલ્પ વ્યાવહારિક છે.

વિશ્વમાનવની જીવનમરણની સમસ્યા ઉકેલવા માટે ધનરૂપી ઈશ્વરીય સંપદાની જરૂર છે. આ ધનનો સંગ્રહ ગૌગ્રાસ છે. એને ગાયના મોંમાં મૂકી દેવો જોઈએ. લોભ અને મોહની સાંકળોથી લક્ષ્મી માતાના હાથપગ બાંધીને એમને ઊંધાં ન લટકાવવામાં આવે. શરીરના ભોગવિલાસ માટે નહીં, મનનો અહંકાર પોષવા માટે નહી, કુટુંબીજનોના એશઆરામ માટે નહીં, પણ આ ઈશ્વરીય વિભૂતિનો ઉપયોગ ત્યાં કરવામાં આવે કે જયાં યુગનો આત્મા એના વગર મૂર્છિત પડયો છે. ધનવાનોએ આ એક વાત સમજવી જોઈએ કે જેટલી સૂઝબૂઝથી એના ઉપયોગનો ફેંસલો કરે.

આંધી તોફાનની જેમ એક અભિનવ સમાજ વ્યવસ્થા આવી રહી છે. એમાં સંપત્તિ પર વ્યકિતનો નહીં, પણ સમાજનો અધિકાર હશે. લોકોએ શારીરિક મહેનત કરવાની રહેશે. રૂપિયા વ્યાજે ધીરીને બેઠાં બેઠાં ખાવાની તક નહીં મળે. વારસદારોને પણ નહીં મૃત્યુ ટેકસ, સુપર ટેકસ વગેરેના નામ પર સરકાર સમસ્ત સંપદા પર અધિકાર જમાવી રહી છે. સમય જતા આ વ્યવસ્થા વધારે મજબૂત થશે અને અસમર્થ સ્ત્રીઓ બાળકોને બાદ કરતા કોઈ સમર્થ પુત્ર બાપદાદાની મિલકતનો વારસદાર નહીં બની શકે. આગળ જતા આ કાયદો જબરદસ્તીથી ઠોકી બેસાડવામાં આવશે. કોઈનાં છોકરા બાપદાદાની દોલતથી પર એશઆરામ નહીં કરી શકે. જેમને વારસામાં બેસુમાર દોલત મળે છે તેઓ વિલાસી અને વ્યસની બનીને પોતાની પ્રતિભા, બુદ્ધિ અને પ્રામાણિકતાનો નાશ જ કરે છે. કોઈ વડીલ પોતાના બાળકોને હરામખોર, તથા આળસુ બનાવવાની મૂર્ખતા શા માટે કરે ?

આજનો ધનવાન વર્ગ આ તથ્યોને સમજી શકે તો એમના મનમાં એક મૌલિક વિચાર પણ પેદા થઈ શકે કે ધનનો ઢગલો કરવો એટલો જરૂરી નથી, જેટલો કે અત્યાર સુધીની કમાણીનો સત્કાર્યો માટે ઉપયોગ કરવો જરૂરી છે. જયાં આ વિવેક જાગશે ત્યાં લોભમોહના બંધન ઢીલા થશે અને વામન ભગવાનની જેમ જનકલ્યાણનું મહત્વપૂર્ણ તથ્ય હાથ લંબાવીને ઊભેલું જોવા મળશે. જો ઉદાત ભાવનાઓનું એક નાનું ઝરણું પણ વહેતું હશે તો એ ભગવાનને તરસ્યા નહીં રહેવું પડે.

આજે મંદિરો, ધર્મશાળાઓ કે બગીચા બનાવવાનું કામ અટકાવી શકાય છે. યશ કીર્તિના ભૂખ્યા, દાન આપીને સ્વર્ગમાં જવાની કામના કરનારા અસંખ્ય દાનવીરો છે. જેમના મગજમાં વિવેકબુદ્ધિ છે તેમણે ભામાશા જેવી સૂઝબૂઝ બતાવવી જોઈએ. ભામાશાના ધનનો એટલો શ્રેષ્ઠ ઉપયોગ થયો કે એના પર લાખો મંદિરો અને કરોડો ધર્મશાળાઓ ન્યોછાવર કરી શકાય. આજે તીર્થયાત્રાની એટલી જરૂર નથી, જેટલી કે જનજાગરણ માટે ઘેરેઘેર અલખ જગાડનારા પદયાત્રીઓની જરૂર છે.

આજે પકવાની તથા મિષ્ટાન્નનો બગાડ કરનાર બ્રહ્મભોજન અને ભંડારાની એટલી જરૂર નથી કે જેટલી જનજાગરણ માટે ઘરબાર છોડીને હથેળીમાં જીવ લઈને. ચાલનાર પદયાત્રીઓ માટે ખીચડી શાકની છે.

જેના હૃદયમાં દૂરંદેશી હોય તેને ઢંઢોળીને કહેવું જોઈએ કે વિપત્તિના સમયમાં એની કંજૂસાઈ અસહ્ય છે. આવી યુગપરિવર્તનની વેળામાં તો રીંછવાનર પોતાની પાસે કશું નહિ હોવા છતાં જીવના જોખમે આગળ વધ્યા હતા. આજે દશમુખી રાવણ સામે નહી, સો કૌરવો સામે નહિ, હજાર હાથવાળા સહસ્ત્રબાહુ સામે નહીં, પણ અબજો માણસોના દિમાગમાં દુર્ભાવનાઓ અને કુકર્મોના રૂપમાં જીવતા મહારાક્ષસ સામે લડવાનું છે. આ મહાભારતમાં કોઈએ પણ દર્શક બનીને બેસી રહેવાનું નથી. જેની પાસે જે કાંઈ પણ છે તે લઈને આગળ આવવાનું છે.

નવનિર્માણમાં પણ ધનની બહુ જરૂર છે. સદ્‌જ્ઞાનના પ્રચાર પ્રસાર માટે કેટલાક નાના મોટા આયોજનો કરવા પડશે. પ્રચારના સાધનોની તથા પ્રચારકોની પણ જરૂર પડશે. દરેક ભાષામાં સાહિત્ય છાપવાનું છે. યુગનિર્માણ શાખાઓના નાના નાના ભવન મંદિર બનાવવાના છે. એમાં વિવિધ સાધનસામગ્રી જોઈએ. વ્યાયામશાળાઓ ખોલવાની છે. ધર્મતંત્રનીનવેસરથી સ્થાપના કરવાની છે. કલામંચ નવેસરથી સજાવવાનો છે. શિક્ષણને નીચલાં વર્ગ સુધી લઈ જવાની વિશાળ યોજના છે.

સૃજનસેનાને અસ્ત્રશસ્ત્રથી સજજ કરીને બહુમુખી ભાવનાત્મક નવનિર્માણના સુદ્ધમોરચા પર મોકલવાની છે. દુનિયાના ખૂણે ખાંચરેથી દુષ્ટતા અને મૂઢતાઓને મારી ભગાડવાની છે. એંશી ઘા ખમનારા રાણા સાંગા વાદળોની જેમ ગર્જના કરતા આવી રહ્યા છે. એમના માટે પાટાપીંડીની વ્યવસ્થા કરવી પડશે. આ બધા એવા કામ છે, જેમાં ડગલે ને પગલે પૈસાની જરૂર પડશે. આ પૈસા કંજૂસો વિલાસી લોકો પાસેથી નહીં મળે.

આ જરૂરિયાત તો જાગૃત આત્માઓની ઉદાત્ત ભાવનાઓ પૂરી કરશે. આવા ભાવનાશીલ નરનારાયણ પાસે જો લક્ષ્મી હોય તો એમનું પવિત્ર કર્તવ્ય છે કે આ અમાનત વિપત્તિના સમયે ઉદારતા અને ઈમાનદારીથી સમાજને પાછી સોંપી દે. યુગના નારાયણે આ મહત્વપૂર્ણ સમયમાં લક્ષ્મીને પોકારી છે. તે જયાં પણ હોય ત્યાંથી એને મુક્ત કરવામાં આવે. આ વિપત્તિકાળમાં કોઈ એને બાંધીને રોકવાનો પ્રયાસ ન કરે.

યુગનિર્માણ પરિવારના દરેક સભ્યે પોતાની ઉદારતાનું ક્ષેત્ર વિસ્તારવું જોઈએ. સવાલ પૈસાની તંગીનો નથી. દિલની કંજૂસાઇનો છે. જો આપણે દિલને થોડું ઉદાર બનાવીએ તો ખ્યાલ આવશે કે નિર્ધન જણાતી વ્યકિત પાસે પણ આપવા માટે ઘણું બધું છે.

યુગનિર્માણ પરિજનોએ ઘરેણાં, બંગલા બનાવવાની જરૂર નથી, પણ વિશ્વનિર્માણની યોજનાઓ બનાવવી જોઈએ. એમાં જ એમની આન, બાન અને શાન છે.

## જ્ઞાનયજ્ઞમાં તમે પણ આહુતિ આપો

સમસ્ત સંકટોનું એકમાત્ર કારણ છે - માનવીય દુર્બુદ્ધિ. જે ઉપાયથી દુર્બુદ્ધિને દૂર કરી સદ્બુદ્ધિ સ્થાપાય, તે જ માનવકલ્યાણનો તથા વિશ્વશાંતિનો સમાધાનકારક માર્ગ છે.

યુગઋષિ પરમપૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ વર્તમાન યુગની સમસ્યાના સમાધાન માટે હજારો પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકોને જન જનને વંચાવવા તે આજનો યુગધર્મ છે. પુસ્તક સૂચિ નીચેના સરનામે પત્ર લખીને નિ:શુલ્ક મંગાવો.

પ્રાપ્તિસ્થાન : ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના વાડજ, અમદાવાદ ટે.નં. ૦૭૯ ૨૭૫૫૭૨૫૨

પ્રકાશન : યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩

ફોન : ૦૫૬૫-૨૫૩૦૧૨૮, ફેકસ : ૦૫૬૫-૨૫૩૦૨૦૦

E-Mail : yugnirman@awgp.org.